દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

## 17 to 23 February 2018

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન




તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

**Paresh Chavda**

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૧૭/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### બેંગલુરુમાં શરુ થયુ ભારતનું સૌથી મોટુ વૈશ્વિક ફાર્મા સંમેલન.

ફાર્મા ઉદ્યોગ અને ચિકિત્સા ઉપકરણો પર ભારતનું સૌથી મોટું વૈશ્વિક સંમેલન બેંગલુરુમાં શરુ થયેલ છે.

આ સંમેલનનો વિષય રાખવામાં આવેલ છે, ડ્રાઈવિંગ નેક્સ્ટ જન ફાર્માસ્યુટિકલ.

રસાયણ અને અન્ય ખાતાના કેન્દ્રિય મંત્રી અનંત કુમારે ત્રણ દિવસીય આ સમારોહનું ઉદ્ઘાટન કરેલ છે.

આ કાર્યક્રમનું આયોજન ફાર્માસ્યુટિકલ વિભાગ રસાયણ વિભાગ મંત્રાલય દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે કરવામાં આવી રહેલ છે.

## આંતરરાષ્ટ્રીય

### ઈથોપિયાના પ્રધાનમંત્રીએ રાજનૈતિક સુધાર માટે પોતાના પદ પરથી રાજીનામું આપેલ છે.

ઈથોપિયાના પ્રધાનમંત્રી હેલેમેરીયમ દેસાલેગને અચાનક હિંસક અશાંતિ બાદ પોતાના પદ પરથી રાજીમાનું આપી દીધેલ છે.

તેઓએ પોતાના રાજીનામાંને રાજનૈતિક સુધારા માટે આપ્યું હોવાનું જાહેર કરેલ છે.

આ પગલાથી આફ્રિકાની આફ્રિકાના સૌથી વધારે વસતિ વાળા રાષ્ટ્રની સત્તારૂઢ પાર્ટીને હલાવીને રાખી દીધેલ છે.

ઈથોપિયાના ઈતિહાસમાં આ રાજીનામાંની અભૂતપૂર્વ અસર થઈ છે.

તાજેતરમાં રાજધાની નજીક કસ્બોમાં વિપક્ષી નેતાઓની નેતાઓની માંગને લઈને સ્થાનિક લોકોએ ઈથોપિયાના ઈતિહાસમાં સૌથી મોટું પ્રદર્શન યોજેલ.

## રમત-જગત

### તમિલનાડુએ પ્રથમવાર વરિષ્ઠ મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ચૈમ્પિયનશીપ જીતી.

આ રાજ્યએ પ્રથમવાર વરિષ્ઠ મહિલા રાષ્ટ્રીય ફૂટબોલ ચેમ્પિયનશીપ જીતેલ છે.

ઓડીસાના કટક શહેરમાં બારાબતી સ્ટેડીયમમાં તમિલનાડુની આ પ્રથમ ફાઈનલ હતી.

આ રમતમાં તેમણે મણિપુરને ૨-૧ થી હરાવી જીત મેળવી લીધેલ.

સ્કીપર ઈન્દુમતી અને ઇન્દ્રાણીએ તમિલનાડુનું ખાતું ખોલેલ.

જ્યારે રતનબાળાએ મણીપુર તરફથી એકમાત્ર ગોલ કરેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અન્ય

### સિરિલ રમાફોસાએ દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિના રૂપમાં શપથ ગ્રહણ કર્યા.

આફ્રિકી રાષ્ટ્રીય કોંગ્રેસ (એ.એન.સી.) ના પ્રમુખ સિરિલ રમાફોસાને દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિના રૂપમાં શપથ લેવડાવવામાં આવ્યા છે.

જૈકબ જુમાના રાજીનામાં બાદ સત્તારૂઢ પાર્ટીના નેતાઓ દ્વારા તેઓને દક્ષિણ આફ્રિકાના નવા રાષ્ટ્રપતિના રૂપમાં પસંદ કરવામાં આવ્યા છે.

આફ્રિકા દેશની સંસદ ૪૦૦ સદસ્યો ધરાવે છે, જે આફ્રિકી નેશનલ કોંગ્રેસ પાર્ટીની સત્તામાં હતી.

આગળના પદની અવધિને સમાપ્ત કરતા જે ૨૦૧૯ માં મતદાનના સાથે ખતમ થશે.

વર્ષ ૧૯૯૪ માં શ્વેત-અલ્પસંખ્યક શાસનના અંત બાદ એ.એન.સી.એ પ્રત્યેક રાષ્ટ્રીય ચૂંટણી જીતેલ છે.

## સમીક્ષા,તારીખઃ- ૧૭/૦૨/૨૦૧૮

### ભારતની આધાર અને ઉમંગ એપે દુબઈમાં પુરસ્કાર જીત્યો...

ભારતની ઉમંગ એપને સુલભ સરકારની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ એમ-ગવર્મેન્ટ સર્વિસ પુરસ્કાર જીતેલ છે.

જયારે આધારને હાલમાં દુબઈની સમ્પન્ન વર્લ્ડ ગર્વમેન્ટ સમિટ ૨૦૧૮ માં આધારને બેસ્ટ ગર્વમેન્ટ ઈમર્જીંગ ટેકનોલોજીસ એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

જ્યાં ભારતને ગેસ્ટ ઓફ ઓનર દેશનો દરજ્જો આપવામાં આવેલ.

વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન પ્રદાન કરવાના હેતુથી શિખર સંમેલને પ્રધ્યોગીકી અગ્રદૂતોને સ્વીકાર કરેલ.

મોબાઈલ એપ્લીકેશન ઉમંગ એપ વપરાશકર્તાને એક મંચ પ્રદાન કરે છે, જે સરકારી વિભાગ અને સેવાઓને જોડે છે.

આ ઉપરાંતન નાગરીકોને લેણદેણની સુવિધા પણ પ્રદાન કરે છે.

આ પુરસ્કાર આપણા નાગરિકોની સુવિધાજનક સેવાઓ પ્રદાન કરવાના હેતુથી ભારત સરકારના પ્રયાસોનો સ્વીકાર કરે છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૧૮/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### દેશના પ્રધાનમંત્રીએ અરુણાચલ પ્રદેશમાં ત્રણ મુખ્ય પરિયોજનાઓની શરૂઆત કરી.

પ્રધાનમંત્રી દ્વારા ઈટાનગરમાં એક સમારોહમાં દોર્જી ખાંડુ રાજ્ય સંમેલન કેન્દ્રનું ઉદ્ઘાટન કરેલ.

અહી એક સભાગાર, સંમેલન હોલ અને એક પ્રદર્શન હોલ તૈયાર કરાયા છે.

પ્રધાનમંત્રીનું ધ્યાન સૂચના ક્રાંતિ પર હતું,અને હવે રાજ્યની રાજધાનીમાં નવનિર્મિત સચિવાલય ભવન આ દિશામાં એક મોટું પગલું છે.

આ ઈમારતના મૂળમાં ડીઝીટલ ક્રાંતિ હશે.અને તેમાં ૨૫૦૦ અધિકારીઓ અને કર્મચારીઓ હશે.

## આંતરરાષ્ટ્રીય

### કે.પી.શર્મા ઓલી બન્યા નેપાળના નવા પ્રધાનમંત્રી.

કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-માઓઈસ્ટ (સીપીએન-માઓવાદી) સાથે પોતાના વામ ગઠબંધનના થોડા સમય બાદ સંસદીય ચૂંટણી બાદ કે.પી.શર્મા ઓલીને નેપાળના પ્રધાનમંત્રીના રૂપમાં બીજીવાર શપથ લેવડાવવામાં આવેલ છે.

તેઓએ શેરબહાદુર દેઉબાનું સ્થાન હાંસલ કરેલ છે.

નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ રાષ્ટ્રપતિ કાર્યાલયમાં આયોજિત સમારોહમાં પ્રધાનમંત્રી તથા અન્ય મંત્રીઓને ગુપ્તતાના શપથ લેવડાવ્યા છે.

નેપાળની રાજધાની કાઠમંડુ છે, ત્યાંનું ચલણ નેપાળી રૂપિયો છે.

## રમત-જગત

### અમેરિકામાં ડાયટોના ૫૦૦ રેસનો પ્રારંભ.

અમેરિકાના ડાયટોના સ્પિડ-વે પર ડાયટોના ૫૦૦ રેસનો પ્રારંભ કરવામાં આવેલ છે.

આ રમત સાથે નાસ્કર કપ સિરીઝની શરૂઆત થઈ છે.

(નાસ્કર)નું પુરુનામ નેશનલ એસોસીએશન ફોર સ્ટોક કાર ઓટો રેસિંગ થાય છે.

આગામી નવેમ્બર સુધી યોજાતી આ સીરીઝમાં ૩૬ રેસ હોય છે.

આ રેસમા ડાયટોના ૫૦૦ સૌથી પ્રતિષ્ઠિત રેસ માનવામાં આવે છે.

આ રેસની ઈમાની કિંમત ૧૨૮ કરોડ રૂપિયા રાખવામાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ડાયટોના કાર રેસ છે, ગયા વર્ષે આ રેસને બે કરોડથી વધારે સમર્થકોએ નિહાળી હતી.

## અન્ય

### ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાનીએ ભારત દેશની મુલાકાત લીધી.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ઈરાની રાષ્ટ્રપતિ હસન રુહાની સાથે મળીને દ્વિપક્ષીય વાર્તાલાપ કરશે.

જે દરમિયાન ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય અને પારસ્પરિક હિતોના મુદ્દાઓ પર ચર્ચા થશે.

આ દસ વર્ષોમાં ઈરાની રાષ્ટ્રપતિની ભારતમાં પ્રથમ યાત્રા છે.

વર્ષ ૨૦૧૬ માં દેશના પ્રધાનમંત્રીએ ઈરાન દેશની મુલાકાત લીધી હતી.

અને બંને દેશો વચ્ચે ૧૨ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ઈરાન દેશની રાજધાની તેહરાન છે, ત્યાનું ચલણ ઈરાની રિયાલ છે.

## સમીક્ષા,તારીખ ૧૮/૦૨/૨૦૧૮

### સરકારે રાજસ્થાન જળ પરિયોજના માટે એન.ડી.બી.સાથે મળીને ઈ ૧૦૦ મીલીયન સહાય માટેના હસ્તાક્ષર કર્યા...

રણપ્રદેશના ક્ષેત્રના સંબંધમાં રાજસ્થાન જળક્ષેત્ર પુનઃનિર્માણ પરિયોજના માટે ભારતે ન્યુ ડેવલપમેન્ટ બેંક (એન.ડી.બી.) સાથે ઈ ૧૦૦ મીલીયન અમેરિકી ડોલરના બીજા સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

આ પરિયોજના માટે બહુ-અંશીય વિત પોષણ સુવિધા અંતર્ગત ૩૪૫ મીલીયન અમેરિકી ડોલરના ઋણની જોગવાઈ કરવામાં આવી છે.

આ પરિયોજનાનો ઉદેશ્ય રિસાવ,જળ સંરક્ષણ અને પાણીની ગુણવત્તા વધારવાના સંબંધમાં ૧૯૫૮ થી ૧૯૬૩ દરમિયાન ૬૪૮ કિમી.લાંબી ઈન્દિરા ગાંધી નહેર પરિયોજનાને રીપેર કરવાની છે.

ઈન્દિરા ગાંધી નહેર પરિયોજનાને ટૂંકા નામથી આઈ.જી.એન.પી. નામે પણ ઓળખવામાં આવે છે.

ફોર્ટોલેજા ૨૦૧૪ માં છઠ્ઠી બ્રિકસ શિખર સંમેલનની બેઠક દરમિયાન નેતાઓએ ન્યુ ડેવલપમેન્ટ બેંકની સ્થાપના માટેના સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

એન.ડી.બી.નું મુખ્ય કાર્યાલય ચીન દેશના શાંઘાઈ શહેરમાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

# કરંટ અફેર્સ, તારીખ ૧૯/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### યોગી સરકારે ઉત્તરપ્રદેશનું વાર્ષિક બજેટ રજુ કર્યું.

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ રાજયનું બજેટ રજુ કર્યું છે.

ઉત્તરપ્રદેશના નાણામંત્રી રાજેશ અગ્રવાલે યોગી સરકારનું બીજું બજેટ રજુ કરેલ છે.

અગ્રવાલે કુલ, ૪ લાખ, ૨૮ હજાર, ૩૮૪ કરોડ રૂપિયાનું બજેટ રજુ કરેલ છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય તે માટે ગયા બજેટ કરતા આ વખતે કૃષિ ક્ષેત્ર માટે ૧૭.૫ ટકા રકમ વધારે ફાળવવામાં આવેલ છે.

આ બજેટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ૧૧ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે, તેવું જણાવાયુ છે.

## આંતરરાષ્ટ્રીય

### સતત વિકાસ સંમેલન ૨૦૧૮ દિલ્હીમાં સંપન્ન.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વિશ્વ સતત વિકાસ સંમેલનનું ઉદ્ઘાટન કરેલ.

આંતરરાષ્ટ્રીય સતત વિકાસ સંમેલનનો ઉદેશ્ય ટકાઉ વિકાસ, ઉર્જા અને પર્યાવરણ ક્ષેત્રમાં જોડાયેલા વૈશ્વિક નેતાઓ તથા વિચારકોને એક સાથે લેવાનો છે.

આ વર્ષના શિખર સંમેલનનો વિષય રાખવામાં આવેલ 'પાર્ટનરશીપ ફોર એ રેજિલિએન્ટ પ્લેનેટ'.

ડબલ્યુ.એસ.ડી.એસ. ૨૦૧૮ દ્વારા જળવાયું પરિવર્તનની પૃષ્ઠભૂમિમાં વિકાસશીલ અર્થવ્યવસ્થાઓના સમક્ષ ઘણી અર્થપૂર્ણ મુશ્કેલીઓ છે, તેનું સમાધાન કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

આ સંમેલનમાં વિશ્વભરના નીતિ નિર્માતાઓ,શોધકર્તાઓ, વિચારકો, રાજનાયિકો તથા અન્ય ૨૦૦૦ થી વધારે પ્રતિનિધિઓએ ભાગ લીધો છે.

## રમત-જગત

### રોજર ફેડરર ૩૬ વર્ષની વયે વિશ્વના નંબરવન ટેનીસ ખેલાડી બન્યા.

સ્વીત્ઝરલૅન્ડના વિશ્વ પ્રસિદ્ધ ટેનીસ ખેલાડી રોજર ફેડરરે ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ના

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

EduSafar

રોજ રોટરડમ ઓપન ખિતાબ જીતેલ છે.

આ સાથે તેઓ વિશ્વ રેક્કિંગમાં નંબરવન પર પહોંચનાર ૩૬ વર્ષની વયના ખેલાડી બની ચુક્યા છે.

૩૬ વર્ષીય રોજર ફેડરરે રોટરડમ ઓપનના ક્વાર્ટર ફાઈનલમાં હોલેન્ડના રોબીન હાસને હરાવેલ છે.

હાલમાં રોજર ફેડરરે પોતાનો ૨૦ મો ગ્રાન્ડસ્લેમ જીતી લીધેલ છે.

રોજર ફેડરર આ પહેલા નવેમ્બર ૨૦૧૨ માં રેક્કિંગમાં ટોચના સ્થાન પર પહોંચ્યા હતા.

## અન્ય

### કેનેડાના પ્રધાનમંત્રી ૭ દિવસની યાત્રા માટે ભારત આવશે.

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડુ સાત દિવસની રાજ્ય યાત્રા પર ભારત પહોંચશે.

વિદેશ મંત્રાલય અનુસાર તેમની યાત્રાનો ઉદેશ્ય વ્યાપાર અને રોકાણ તથા ઉર્જા અને વિજ્ઞાન તથા નવિનતા અને અન્ય બાબતો વચ્ચે બંને દેશના સંબંધો મજબુત કરવાનો છે.

દેશના પ્રધાનમંત્રીશ્રીએ એપ્રિલ ૨૦૧૫ માં કેનેડાની દ્વિપક્ષીય યાત્રા કરી હતી.

ભારતમાં એક કેનેડાઈ પ્રધાનમંત્રીની યાત્રા નવેમ્બર ૨૦૧૨ માં થઈ હતી.

કેનેડાની રાજધાની ઓટાવો છે, ત્યાંનું ચલણ કેનેડાઈ ડોલર છે.

## સમીક્ષા,તારીખ ૧૯/૦૨/૨૦૧૮

### ભારતીય એન્જીનીયરને વિજ્ઞાન – તકનીકી માટે ઓસ્કર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા...

પુણેમાં જન્મેલા ભારતીય એન્જિનિયર વિકાસ સાથેયને આ પુરસ્કાર આપવામાં આવેલ છે.

હાલમાં કેલીફોર્નીયાના લોર્સ એન્જેલસમાં બેવર્લી હિલ્સમાં ઓસ્કર વૈજ્ઞાનિક અને તકનીકી પુરસ્કાર સમારોહ આયોજિત કરવામાં આવેલ.

અહી તેઓને વૈજ્ઞાનિક અને એન્જીનીરિંગ અકાદમી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

ન્યુઝીલેન્ડના ક્વીન્સટાઉનમાં શોટોઓવર કેમરા સિસ્ટમ્સમાં પોતાના કાર્યકાળ દરમિયાન સથાયે અને તેમની ટીમના સારા કાર્ય માટે પસંદ કરવામાં આવેલ.

શોટોઓવર કેમેરા સીસ્ટમની ડીઝાઈનિંગ અને કાર્યપદ્ધતિ માટે આ પુરસ્કાર તેઓને પ્રાપ્ત થયેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ પુરસ્કાર વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ માટે આપવામાં આવે છે.

આ પુરસ્કારથી મોશન પિક્ચર ઉદ્યોગની સુધારાત્મક બાબતો પર પ્રભાવ પેદા કરે છે.

## કરંટ અફેર્સ તારીખ ૨૦/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને છઠ્ઠા ભારતીય ક્ષેત્ર સી.પી.એ. સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.**

લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને બિહારના પટનામાં છઠ્ઠા ઈન્ડિયા રીઝન કોમનવેલ્થ પાર્લિયામેન્ટ્રી એસોસીએશન કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરેલ છે.

આ સંમેલને સંસદીય સંઘ સંગઠનના ઉદેશ્યો અને ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે.

આ સંમેલન મુખ્ય રૂપથી બે વિષયો પર વિચાર વિમર્શ કરવામાં આવશે, વિકાસ એજન્ડા અને વિધાનસભા તથા ન્યાય પાલિકામાં સંસદની ભૂમિકા જે લોકતંત્રના બે મહત્વપૂર્ણ સ્તંભ છે.

લોકતંત્રના મહત્વપૂર્ણ બનાવવા માટે અધ્યક્ષ,કાર્યકારી અને ન્યાયપાલિકાને મજબુત કરવાની આવશ્યકતાઓ પર ભાર મુકવામાં આવેલ છે.

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર છે, ત્યાંના રાજયપાલ તરીકે સત્યપાલ માલિક સેવા આપી રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય

**સાઉદી અરબની બે દિવસની યાત્રા પર નાણામંત્રી અરુણ જેટલી.**

નાણામંત્રી અરુણ જેટલી બે દિવસ માટે સાઉદી અરબની યાત્રા પર ગયા છે, તેઓ રિયાધ ખાતે પહોંચ્યા છે.

શ્રી જેટલી રાજધાની રીયાધમાં ભારત-સાઉદી અરબ સયુંકત આયોગની ૧૨ મી બેઠકની સહ અધ્યક્ષતા કરશે.

શ્રી જેટલી સાઉદી-ભારતીય વ્યાપાર પરિષદનું ઔપચારિક ઉદ્ઘાટન પણ કરશે.

જેટલી સાઉદી રાષ્ટ્રીય વિરાસત અને સાંસ્કૃતિક મહોત્સવ જનાન્દ્રીયમાં ભારતીય મંડપ પણ જશે.

બંને દેશોવચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા માટે શ્રી જેટલી વ્યાપાર અને રોકાણ મંત્રી મજીદ અલ કસ્સાબીને પણ મળશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## રમત-જગત

**જાપાનના યુઝુરું હાનયું ફિગર સ્કેટિંગના પુરુષ સિંગલ વર્ગમાં સતત બે ઓલિમ્પિક સુવર્ણ પદક જીતનાર પ્રથમ ખેલાડી બન્યા.**

જાપાનના યુઝુરું હાનયું છેલ્લા ૬૬ વર્ષોમાં ફિગર સ્કેટિંગના પુરુષ સિંગલ વર્ગમાં સતત બે ઓલિમ્પિકમાં જીતનાર પ્રથમ ખેલાડી બન્યા છે.

હાનયુંએ ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ પ્યોંગચાંગ ઓલિમ્પિક રમતોમાં જાપાન માટે પ્રથમ સુવર્ણપદક જીતેલ.

હાનયુંએ ૩૧૭.૮૫ અંકો સાથે પોતાના પ્રતિસ્પર્ધી શોમાયુનો અને સ્પેનના વર્લ્ડ ચેમ્પિયન જેવિયર ફર્નાન્ડેઝને હરાવેલ.

યુનો.૩૦૬.૯૦ અને જેવિયર ૩૦૫.૨૪ અંકો સાથે બીજા અને ત્રીજા ક્રમાંકે રહેલા.

## અન્ય

**લંડનમાં વી.કે.કૃષ્ણ મેનન સ્મારકની સ્થાપના કરવામાં આવશે.**

યુનાઈટેડ કિંગડમમાં પહેલા ભારતીય ઉચ્ચ્યુક્ત તરીકે વી.કે.કૃષ્ણ મેનનનું લંડનમાં એક સ્મારક સ્થાપિત કરવામાં આવેલ છે.

કેરળના મુખ્યમંત્રી પીનારયી વિજયને વી.કે. કૃષ્ણા મેનનના ગૃહ નગર કોઝીકોડમાં સ્થાપિત કરવામાં આવશે.

મેનનને એક પ્રતિમાને લંડનમાં સ્થિત ભારતીય ઉચ્ચાયોગ કાર્યાલયના અધિકારીઓને પ્રદાન કરવામાં આવશે.

કલાકાર સેલ્વા રાજન દ્વારા બનાવવામાં આવેલ આ પ્રતિમાને જલ્દી ઉચ્ચ આયોગના કાર્યાલયમાં સ્થાપિત કરવામાં આવશે.

આ લંડનમાં સ્થિત પ્રકાશન એશિઆઈ લાઈટ ઈન્ટરનેશનલની પહેલ છે.

## સમીક્ષા,તારીખ ૨૦/૦૨/૨૦૧૮

**રાષ્ટ્રીય કેળા ફેસ્ટીવલ ૨૦૧૮ માં થીરુવનત્મપુરમમાં આયોજિત કરવામાં આવ્યો...**

ભારત વિશ્વમાં કેળાનું સર્વાધિક ઉત્પાદન કરવા વાળો દેશ છે.

સતત વધતી કેળાની માંગને પૂરી કરવા માટે નવી ટેકનીક અને જંગલી કેળાની પ્રજાતિને બચાવવા માટે કેરળના થીરુવનત્મપુરમમાં રાષ્ટ્રીય કેળા ફેસ્ટીવલ ૨૦૧૮ નું આયોજન કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કેળા ફેસ્ટીવલ ૧૭ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૮ વચ્ચે આયોજિત થશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ અવસર પર કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણમંત્રીના કહેવા મુજબ કેળા વ્યાપક ફાઈબર યુક્ત ખાદ્યપેદાશ છે.

આ કેળાની ખેતી લગભગ ચાર હજાર વર્ષ જૂની છે,અર્થાત વર્ષ ૨૦૨૦ બીસીથી કરવામાં આવી રહી છે.

કેળાનું મૂળ ઉત્પાદન સ્થળ ભારત છે, આજ વિશ્વના ૧૩૦ દેશોમાં ૫.મિલિયન હેક્ટર ક્ષેત્રમાં કેળાને ઉગાડવામાં આવે છે.

ભારતમાં કેળાની ઉત્પાદકતા ૩૭ મેટ્રિક ટન પ્રતિ હેક્ટર છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૧/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

#### ભારત વિશ્વ પર્યાવરણ દિવસની મેજબાની કરશે.

ભારત સરકાર અને સયુંકત રાષ્ટ્રએ સથે મળીને જાહેરાત કરી છે કે ભારત આગામી ૫ મી જુન ૨૦૧૮ ના રોજ વૈશ્વિક પર્યાવરણ દિવસ સમારોહની મેજબાની કરશે.

વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂનના રોજ વિશ્વ સ્તર પર મનાવવામાં આવે છે.

વિશ્વ પર્યાવરણ ૨૦૧૮ની વિષય રાખવામાં આવેલ છે, 'બીટ પ્લાસ્ટિક પોલ્યુશન'.

વિશ્વ પર્યાવરણ દિવસ એક સયુંકત રાષ્ટ્ર પર્યાવરણ નેતૃત્વ માટેની જાગૃતિ માટેનો દિવસ છે.

આપણા પર્યાવરણને બચાવવા માટે આ દિવસ દર વર્ષે મનાવવામાં આવે છે.

### આંતરરાષ્ટ્રીય

#### વર્ષ ૨૦૧૯ માં સિંગાપુર લગાવશે કાર્બન પર કર.

સિંગાપુર જળવાયું પરિવર્તન પર વૈશ્વિક સમજુતીને પ્રભાવી બનાવવા માટે કંપનીઓને પ્રતિસ્પર્ધી બનાવવા તથા પોતાના ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો લાવવા વર્ષ ૨૦૧૯ માં એક કાર્બન ટેક્સ લગાવશે.

નાણામંત્રી હેગ સુઈ કીટ દ્વારા જણાવવામાં આવેલ છે કે દર વર્ષે ૨૫૦૦૦ ટન અથવા તેનાથી વધારે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન કરનારની તમામ પર કર લગાવાશે.

તમામ ક્ષેત્રોમાં લાગુ થનાર ટેક્સ વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી સિંગાપુર ઈ૫.૦ (ઈ૩.૮) પ્રતિ ટન ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન થશે.

નવીનત આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના આંકડાઓના આધાર પર પ્રતિ વ્યક્તિ

EduSafar

ઉત્સર્જનના મામલે ૧૪૨ દેશોમાં સિંગાપુરનું ૨૬ મુ સ્થાન છે.

## રમત-જગત

### ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર એલેક્સ બ્લેકવેલે નિવૃત્તિ લીધી.

ઓસ્ટ્રેલીયા તરફથી સૌથી વધારે ક્રિકેટ મેચ રમનાર મહિલા ક્રિકેટર એલેક્સ બ્લેકવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધેલ છે.

આ ઉપરાંત તેણીએ સ્પષ્ટતા કરી છે કે તે બીગ બેશમાં રમશે.

બીગ બેશ લીગમાં તેણી સિડની થંડરની કેપ્ટન છે.

એલેક્સે વર્ષ ૨૦૦૩ માં ક્રિકેટ ક્ષેત્રમાં પર્દાપણ કર્યું હતું.

આ મહિલા ક્રિકેટરે ત્રણેય ફોર્મેટમાં કુલ ૨૫૧ મેચ રમી છે.

બ્લેકવેલે ક્રિકેટ સિવાય પણ મોટું નામ બનાવ્યું છે, તેણે મહિલા ક્રિકેટના હક આપવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવેલ છે.

## અન્ય

### કર્ણાટકમાં પૈલેસ ક્વીન હમસફર એક્સપ્રેસ ટ્રેનને પ્રધાનમંત્રી લીલી ઝંડી આપી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મૈસુર રેલ્વે સ્ટેશનમાં અને ઉદયપુર વચ્ચે ચાલનાર પૈલેસ ક્વીન હમસફરને લીલી ઝંડી આપેલ છે.

મૈસુર મહેલ અને ઉદયપુર મહેલ બંને પ્રતિષ્ઠિત પર્યટક આકર્ષણ છે.

અને આ વિશેષ ટ્રેન ઉત્તરી ભાગ અને દક્ષિણને જોડવા વાળી એક નવી પર્યટન સર્કીટ બનશે.

મૈસુર અને ઉદયપુર વચ્ચેની ટ્રેન પર્યટનની રીત આ ઉપરાંત રોજગારી સર્જનના સ્વરૂપે પણ કાર્ય કરશે.

હાલ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે સિદ્ધારામૈયા છે, અને ત્યાના રાજ્યપાલ તરીકે વજુભાઈ વાળા સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા,તારીખ ૨૧/૦૨/૨૦૧૮

### આગાખાનની ભારતની ૧૧ દિવસીય યાત્રા શરુ...

અધ્યાત્મિક નેતા આગાખાન ૧૧ દિવસીય ભારત યાત્રા પર આવ્યા છે.

સુંદર નર્સરી, નવી દિલ્હીમાં હુમાયુના મકબરા પાસે ૯૦ એકર પાર્કનું ઉદ્ઘાટન ઉપરાષ્ટ્રપતિ વેંક્યા નાયડુ દ્વારા આગાખાનની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ કાર્યક્રમ ઉપરાંત તેઓ અમદાવાદ, હૈદરાબાદ અને મુંબઈ જેવા શહેરોમાં જશે.
જ્યાં આગાખાન વિકાસ નેટવર્ક વિભિન્ન વિકાસ પરિયોજનામાં સામેલ થશે.
વર્ષ ૨૦૧૫ માં તેની યાત્રા દરમિયાન આગાખાનને ભારતવ્યાપી વિકાસ પરિયોજનાઓમાં સામાજિક વિકાસના તેમના યોગદાન માટે તોને પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા.
૨૦ વર્ષની વયમાં આગાખાન ૯ જુલાઈ ૧૯૫૭ માં શિયા ઈસ્લામી મુસલમાનોના ઈમામ બન્યા હતા.
તેઓ શિયા ઈમામી ઈસ્માઈ મુસલમાનોના ૪૯ માં આનુંવાંશિક ઈમામ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૨ /૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

#### કેન્દ્ર સરકારે પૂર્વોતર માટે નીતિ ફોરમની રચના કરી.

કેન્દ્ર સરકારે પૂર્વોતર માટે નીતિ ફોરમ સ્થાપિત કરવાની જાહેરાત કરી દીધી છે.
આ મંચની સહઅધ્યક્ષતા નીતિ આયોગના ઉપાધ્યક્ષશ્રી રાજીવ કુમાર અને પૂર્વોતર ક્ષેત્રના વિકાસ મંત્રાલયના અધ્યક્ષ ડો.જીતેન્દ્ર સિંહ કરશે.
આ ફોરમનું પોતાનું સચિવાલય ડી.ઓ.એન.ઈ.આર.મંત્રાલયમાં રહેશે.
નીતિનું પુરુનામ નેશનલ ઈન્સ્ટીટયુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા થાય છે.
નીતિ આયોગના સીઈઓ તરીકે અમિતાભ કાંત સેવા આપી રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય

#### થાઈલેન્ડમાં કોબરા ગોલ્ડ સૈન્ય અભ્યાસ આયોજિત કરવામાં આવ્યો.

કોબરા ગોલ્ડ ટ્રેનીંગ અભ્યાસ માટે થાઈલેન્ડમાં યુ.એસ. મરીન માટે આ વન્ય જીવોમાંથી એક અભ્યાસ છે.
આમાં સૈનિકોને કોબરાનું ખૂન પીવાનું હોય છે.
આ અભ્યાસ ૩૭ મુ સંસ્કરણ હતું, કોબરા ગોલ્ડ નૌસૈનિકો માટે એક વાર્ષિક અભ્યાસ યોજાય છે.
આ વર્ષે સાત દેશો કોબરા ગોલ્ડ અભ્યાસમાં ભાગ લઈ રહ્યા છે, તેમાં અમેરિકા, થાઈલેન્ડ , ઈન્ડોનેશિયા, જાપાન, મલેશિયા, સિંગાપુર અને દક્ષિણ કોરિયાનો સમાવેશ

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

થાય છે.

અભ્યાસના હિસ્સામાં જંગલનું અસ્તિત્વ પણ સામેલ છે.સૈનિકોને એ શીખવવામાં આવે છે કે કયું જનાવર અને કઈ વનસ્પતિ ખાવામાં યોગ્ય છે.

## રમત-જગત

### બે વર્ષ બાદ સરદાર સિંહ ફરીથી ભારતીય મેન્સ હોકી ટીમના સુકાની બન્યા.

આગામી ત્રીજી માર્ચ ૨૦૧૮ થી મલેશિયાના ઈપોહ ખાતે ૨૭ મી અઝલન શાહ હોકી ટુર્નામેન્ટ યોજાશે.

આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ સરદારસિંહ કરશે.

આ માટેની ટીમની જાહેરાત હોકી ઈન્ડિયા દ્વારા કરી દેવામાં આવેલ છે.

આ ટીમમાં રમનદીપ સિંઘને ઉપકેપ્ટન બનાવવામાં આવ્યા છે.

આગામી ૨૦૨૦ માં ટોક્યો ખાતે યોજાનાર ઓલિમ્પિકની તૈયારીના ભાગ રૂપે પણ આ મેચ મહત્વની બની રહેશે.

## અન્ય

### ઉત્તરપ્રદેશ રોકાણકારોનું સંમેલન ૨૦૧૮ પ્રથમ દિવસ.

દેશના પ્રધાનમંત્રી દ્વારા લખનૌમાં બે દિવસીય યુપી.રોકાણકારોના સંમેલનનો પ્રારંભ કરાવેલ છે.

આ યોગી આદિત્યનાથ સરકારનું રોકાણકારો માટેનું પ્રથમ આયોજન છે.

આ સંમેલનનો ઉદેશ્ય ઉત્તરપ્રદેશના વિવિધ ક્ષેત્રોમાં રોકાણના અવસરોની ક્ષમતા પ્રદાન કરવાનો છે.

આ આયોજના પ્રથમ દિવસે રાજ્યએ ૪.૮૮ અરબ ડોલરના ૧.૦૪૫ સમજુતી કરાર કરેલા છે.

આદિત્ય બિરલા ગ્રુપ આવનાર પાંચ વર્ષોમાં ઉત્તરપ્રદેશ રાજ્યમાં ૨૫૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

## સમીક્ષા,તારીખ ૨૨/૦૨/૨૦૧૮

### ગુજરાત રાજ્ય સરકારે પોતાનું રાજ્ય બજેટ વર્ષ ૨૦૧૮-૧૯ રજુ કર્યું...

હાલના નાણામંત્રી શ્રીનીતિનભાઈ પટેલે રાજ્ય વિધાનસભા ગૃહમાં આ બજેટ રજુ કરેલ.

આ વર્ષનું કુલ બજેટ ૧,૮૩,૬૬૬ કરોડ રૂપિયાનું બનાવવામાં આવેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ વર્ષના બજેટમાં નવી મુખ્યમંત્રી એપ્રેન્ટિશીપ યોજના જાહેર કરવામાં આવેલ છે.

ખેડૂતોને ત્રણ લાખ સુધીની લોન એક ટકો વ્યાજ જતું કરીને વિના વ્યાજે પૂરી પડાશે.

આરોગ્ય માટેના મુખ્યમંત્રી અમૃતમ એટલે કે માં યોજનામાં માં વાત્સલ્ય યોજનામાં આવક અઢી લાખથી વધારીને ત્રણ લાખ કરવામાં આવેલ છે.

આગામી વર્ષમાં ભરતી મેળાનું આયોજન કરીને ચાર લાખ યુવાનોને રોજગારી આપવાનો પ્રયાસ કરવામાં આવશે.

નવા કોલ્ડ સ્ટોરેજ માટે રૂ.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઘણા નવા પ્રયોજનો સાથે આબજેટ રજુ કરવામાં આવેલ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૩/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**અવની ચતુર્વેદી લડાકુ વિમાન ઉડાવનાર પ્રથમ ભારતીય મહિલા બની.**

ફ્લાઈંગ ઓફિસર અવની ચતુર્વેદી એકલા લડાકુ વિમાન ઉડાવનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.

આ કાર્ય કરીને તેણીએ ઈતિહાસ રચ્યો છે, તેમ કહી શકાય.

તેણીએ ગુજરાતમાં ભારતીય વાયુસેના (આઈ.એ.એફ.) જામનગરના બેઝથી પોતાની પહેલી ઉડાન ભરી હતી.

એકલા વિમાન ઉડાવવા માટે તેણીએ મિગ-૨૧ બાયસનની પસંદગી કરી હતી.

હાલના ભારતીય એયર ચીફ માર્શલ તરીકે બીરેન્દ્ર સિંહ ધનોઆ સેવા આપી રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય

**તેલંગણા,તાઈવાન બંનેએ વધારે સારી પ્રાધ્યોગિકી પ્રગતિ થાય તે માટે સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા.**

રાજ્યમાં વધારે સારું પ્રાધ્યોગીકી માળખું વિકસાવી શકાય તે માટે તેલંગણા સરકારે તાઈવાન સરકાર સાથે સમજુતી કરાર કર્યા છે.

હૈદરબાદમાં સૂચના પ્રાધ્યોગીકી ૨૦૧૮ માં વર્લ્ડ કોંગ્રેસ બાદ આ સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

આઈ.ટી.ના મંત્રી કે.ટી.રામારાવ અને પ્રમુખ સચિવ જયેશ રંજને વિશ્વ આઈ.ટી. કોંગ્રેસ

૨૦૧૮ માં તાઈવાનના બોર્ડના નિર્દેશક રોબર્ટ હુઆંગ સાથે સમજુતી કરાર કરેલ.

તાઈવાનની રાજધાની તાયપેઇ છે, ત્યાનું ચલણ નવા તાઈવાન ડોલર છે.

## રમત-જગત

### નોર્વેના ક્રોસ કન્ટ્રી સ્કીયર મેરીટ બ્યોર્ગેન વિન્ટર ઓલિમ્પિકમાં સર્વાધિક મેડલ જીતનાર ખેલાડી બન્યા.

નોર્વેના ક્રોસ કન્ટ્રી સ્કીયર મેરીટ બ્યોર્ગેન વિન્ટર ઓલિમ્પિકમાં સર્વાધિક મેડલ જીતવામાં સફળ રહ્યા છે.

તેણીએ ક્રોસ કન્ટ્રી સ્કીઈંગ ટીમ સ્પ્રિન્ટ ફ્રી ઇવેન્ટમાં નોર્વેને હરાવી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

વિન્ટર ઓલિમ્પિકમાં આ તેણીનો ૧૪ મો મેડલ હતો.

તેણીએ મેડલ જીતવામાં નોર્વેની જ બાએથ્લીટ ઓલે ઈનાર બ્યોર્ને ડેલને પાછળ રાખી દીધેલ.

૧૯ વર્ષીય બ્યોર્ગેને કારકિર્દીમાં ઓલિમ્પિકમાં સાત ગોલ્ડ, ચાર સિલ્વર અને ત્રણ બ્રોન્ઝમેડલ જીતેલા છે.

## અન્ય

### ભારત-ઈન્ડોનેશિયા સયુંકત સૈન્ય અભ્યાસ ગરુડ શક્તિનો પ્રારંભ.

ભારતીય અને ઈન્ડોનેશિયાઈ સેનાઓએ બાંડુંગ,ઈન્ડોનેશિયામાં ગરુડ શક્તિ નામના પોતાના વાર્ષિક સૈન્ય અભ્યાસનું છઠ્ઠુ સંસ્કરણ શરુ કરી દીધેલ છે.

આ સૈન્ય અભ્યાસ બે સપ્તાહ સુધી ચાલનાર સયુંકત સૈન્ય ડ્રીલ છે.

આ અભ્યાસમાં આંતકવાદ વિરોધી ઓપરેશનોમાં અનુભવ શેર કરવામાં આવશે.

ફૌજી મુકામ,યુદ્ધ બંધ કરવું અને વિશેષ અભિયાનને અન્ય ક્ષેત્રો સામેલ છે.

ઈન્ડોનેશિયામાં ભારતીય રાજદૂત તરીકે પ્રદીપ રાવત સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા,તારીખ ૨૩/૦૨/૨૦૧૮

### ૨૦ મી ફેબ્રુઆરી વિશ્વ સામાજિક ન્યાય દિવસ મનાવાયો.

દર વર્ષે ૨૦ મી ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ સામાજિક ન્યાય દિવસ મનાવવામાં આવે છે.

આ વર્ષે ઉજવવામાં આવેલ આ દિવસનો વિષય રાખવામાં આવેલ હતો, 'વર્કર્સ ઓન ધ મુવ ધ ક્વેસ્ટ ફોર સોશ્યલ જસ્ટીસ'.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

૨૬ નવેમ્બર ૨૦૦૭ ના રોજ સયુંકત રાષ્ટ્રની મહાસભાએ જાહેરાત કરી હતી કે <u>૨૦ મી ફેબ્રુઆરીને વિશ્વ ન્યાય દિવસ તરીકે ઉજવવામાં આવશે.</u>

આ નિર્ણય લેવાયો તે સયુંકત રાષ્ટ્રસંઘના <u>૬૨ માં સત્રમાં</u> લેવાયેલ.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને સર્વસંમતિથી ૧૦ જુન ૨૦૦૮ ના રોજ એક ઉચિત વૈશ્વિકરણ માટે સામાજિક ન્યાય પર આઈ.એલ.ઓ. જાહેરાતને અપનાવેલ.

આ વર્ષ ૧૯૧૯ ના આઈ.એલ.ઓ.ના બંધારણના બાદ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા અપનાવેલ.

<u>આઈ.એલ.ઓ.નું મુખ્ય કાર્યાલય જીનીવા સ્વીત્ઝરલૅન્ડ છે.</u>

<u>હાલના આઈ.એલ.ઓ.ના ડાયરેક્ટર જનરલ શ્રીમાન ગુય રાયડર્સ છે.</u>

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઈ રહ્યા છો,

આ કરંટ અફેર્સના <u>ગુજરાતી વિડીયો</u> પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે <u>અન્ય જીકે</u> પણ સમાવવાનો પ્રયાસ <u>પરેશભાઈ ચાવડા</u> દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ <u>સબસ્ક્રાઈબ</u> ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો <u>તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો.</u> પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઈ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

<u>એજ્યુસફર પરિવાર</u>

EduSafar

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. અથવા



આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar